# વરસાદી વાદળો અદ્રશ્ય વાતાવરણમાં અસહ્ય ઉકળાટથી નગરજનો બેચેન

## છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ૩૫ ડીગ્રીને પાર રહેતા બપોરનો તાપ આકરો બન્યો

ગાંધીનગરના આકાશમાંથી વરસાદી વાદળો વિખેરાયા બાદ છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ઉંચે રહે છે. જેના લીધે આસો અજવાળા વચ્ચે પણ દિવસનો તાપ ભાદરવો તપતો હોય તેવો અનુભવાય છે. આકરી ગરમી અને બફારાથી જનજીવન બેચેન છે. છેલ્લા બે ત્રણ દિવસતી ઝાપટીયો વરસાદ પણ વરસતો નથી બીજીતરફ દિવસની આકરી ગરમી અને ઉકળાટ નગરજનોને અકળાવી રહ્યો છે. ગરમીનો પારો છેલ્લા કેટલાક દિવસોથી ૩૬ ડીગ્રીને પાર રહે છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ હજુ નોંધપાત્ર છે. ત્યારે આકાશમાં ડોકીયા કરતા વાદળોના લીધે તડકી છાયડીનો માહોલ જોવા મળે છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી રહેતા નગરજનોએ દિવસે આકરો તાપ અનુભવ્યો હતો.

ગાંધીનગરમાં આ વર્ષે ચોમાસા દરમિયાન છુટાછવાયા ઝાપટા નાંખતા મેઘરાજાનો મિજાજ પણ કાંઈક જુદો જ જોવા મળ્યો હતો. અલપ ઝલપ ઝાપટા વરસાદી જતા વરસાદના લીધે નગરજનોએ વરસાદી દિવસોમાં પણ સતત ગરમીનો અહેસાસ કર્યો છે. જયારે શહેરમાં સિઝનનો પુરતો વરસાદ પણ થયો નથી ત્યારે હજુ પણ આકાશમાં અંગડાઈ લેતા વાદળો જોવા મળી રહ્યા છે. વિદાય લેતા ચોમાસા દરમિયાન નગરજનો આકરો બફારો અને ઉકળાટ અનુભવી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી વરસાદ અદ્રશ્ય છે. બીજીતરફ વાતાવરણમાં અસહ્ય ઉકળાટ પ્રવર્તયો છે. દિવસમાં એકાદ વાર વાદળો પાછળ લુપાછુપી રમતા સુરજદાદા ના લીધે વાદળિયુ વાતાવરણ સર્જાય છે. પરંતુ વરસાદના કોઈ અણસાર નથી. જો કે ચોમાસુ હવે વિદાય લેવામા છે. ત્યારે આસોની રાતના અજવાળા સાથે દિવસની ગરમી આકરી બની છે. આજે પણ દિવસનો તાપ આકરો હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો પણ ૩૫ ડીગ્રીની ઉપર રહે છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી રહ્યુ હતુ. જો કે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ઉંચુ રહે છે. કયારેક આકાશમાંથી ડાકીયા કરતા વાદળો પણ પલવામાં જ વિખેરાઈ જાય છે. લઘુત્તમ તાપમાન પણ ૨૪.૫ ડીગ્રીની આસપાસ રહે છે. શહેરમાં હજુ ગરમીનુ મોજુ યથાવત છે. નવરાત્રિ મહોત્સવમાં પણ રાત્રિના સમયે ઉકળાટના લીધે ખૈલૈયાઓ ગરમીથી પરેશાન બન્યા છે. અસહ્ય ઉકળાટના લીધે જનજીવન ત્રસ્ત છે. મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો બેચેન બન્યા છે. વાતાવરણમા ગુલાબી ઠંડક પ્રસરે તેની વાટે છે.



**રૂપાલ ખાતે વરદાયિની માતાના મંદિરે મુખ્યમંત્રીએ દર્શન કર્યા**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવરાત્રી પર્વ અવસરે આજે રવિવારે ગાંધીનગર નજીકના રૂપાલ વરદાયિની માતાજીના ભક્તિ ભાવપૂર્વક દર્શન પૂજન કર્યા હતા અને માતાજીની આરતી કરી હતી. તેમણે ગુજરાત અને સમગ્ર દેશ તથા દુનિયા કોરોના મહામારીથી મુક્ત થાય તેમજ ગુજરાતની વિકાસ યાત્રા અવિરત આગળ ધપતી રહે તેવી વાંછના માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી કરી હતી. મંદિરના ટ્રસ્ટીઓ અને ગાંધીનગર જિલ્લા કલેકટરે તેમજ અગ્રણીઓએ મંદિર પરિસરમાં મુખ્યમંત્રીને આવકાર્યા હતા. આ વેળાએ રૂપાલ મંદિર પરિસરમાં સ્થાનિક ગ્રામજનો, અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને ભૂપેન્દ્રભાઈ પટેલનું ભાવભર્યું અભિવાદન કર્યું હતું.



**બ્રહ્માકુમારીઝે નવ નિયુકત મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી**

ગુજરાત રાજયના નવનિયુકત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની બ્રહ્માકુમારીના સંચાલિકા રાજયોગીની કૈલાસદીદીજીની અધ્યક્ષતામાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના અધ્યાત્મિક ગ્રુપ દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રીશ્રીનું સંસ્થા તરફથી ઈશ્વરીય આર્શીવાદથી સભર પુષ્પગુચ્છ અને શુભેચ્છા પત્રથી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. તથા યાદગાર રૂપે ગિફટ એનાયતની સાથે સાથે પ્રભુ પ્રસાદની આધ્યાત્મિક શકિતનો સંચાર કર્યો હતો.

# સોમનાથમાં કમળ આકારનું ભાજપનું કાર્યાલય બનશે

## કાર્યાલય નું નામ "સોમ કમલમ" રાખવામાં આવ્યું છે : કાર્યાલય અંદાજે ૭ થી ૮ કરોડના ખર્ચે તૈયાર થશે, જેમાં પક્ષના જુદા જુદા હોદ્દેદારો માટેની અલાયદી ચેમ્બર હશે

અમદાવાદ, તા.૧૦

ગુજરાત ભારતીય જનતા પાર્ટી રાષ્ટીય કક્ષા એ હમેશા પથ દર્શક રહ્યું છે. સંગઠન શક્તિ,ચૂંટણી જીતવા પેજ પ્રમુખની રણનીતિ કે પછી સમગ્ર સંગઠના તમામ હોદેદારો ને ડીઝીટલ કનેક્ટિવિટી સાથે જોડાવા ટેબ્લેટ નો પ્રયોગ હોય તમામ મોર્ચે ગુજરાત ભાજપ અગ્રેસર છે.હવે ગુજરાત ભાજપ એ દેશમાં પહેલી વખત કમળ આકારનું જિલ્લા કાર્યાલય બનાવી નવો વિક્રમ સર્જવા જઈ રહ્યું છે.ગુજરાત પ્રદેશ ભાજપના ગિર સોમનાથ જિલ્લાનું કાર્યાલય એ દેશમાં પ્રથમ વખત કમળ આકારનું બનવા જઈ રહ્યું છે.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના હસ્તે ૯ ઓકટોબરના રોજ આ કાર્યાલયના નિર્માણ માટે ભૂમિ પૂજન કરવામાં આવ્યું છે. જિલ્લાના આ કાર્યાલય નું નામ "સોમ કમલમ" રાખવામાં આવ્યું છે.જેનો આકાર એ કમળ જેવો હશે. કાર્યાલય અંદાજે ૭ થી ૮ કરોડ ના ખર્ચે તૈયાર યશે.જેમાં પક્ષના જુદા જુદા હોદ્દેદારો માટે ની અલાયદી ચેમ્બર ઉપરાંત ઓડિટોરિયમ હોલ,મીટગ રૂમ સહિત ની આધુનિક સુવિધાઓ હશે.

ગીર સોમનાથ જિલ્લાના ભાજપ પ્રમુખ માનસિંહ પરમારે જણાવ્યું હતું કે સમયની જરૂરિયાત પ્રમાણે અમે જિલ્લાના નવા કાર્યાલયનું નિર્માણ કરી રહ્યા છે.ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ આ કાર્યાલય નું ભૂમિપુજન કર્યું છે દેશમાં પ્રથમ વખત કમળ આકાર નું ભાજપ નું કાર્યાલય બનવા જઈ રહ્યું છે જેમાં તમામ પ્રકાર ની આધુનિક સુવિધાઓ હશે.



શહેરમાં આ વર્ષે પાર્ટી પ્લોટના ગરબાના આયોજનો થયાં ના હોવાથી શેરી ગરબામાં ભારે રોનક જોવા મળી રહી છે. સેકટર-૨૭ માં અંબે માતાના મંદિરે નવરાત્રી ચોકમાં ભવ્ય સજાવટ સાથે ઝળહળતા રોશનીનો ઝગમગાટ જોવા મળ્યો હતો.



**સેકટર-૩ બીમાં ગરબાની જમાવટ**

નવરાત્રી પર્વ નિમિત્તે સેકટર-૩-બીમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વસાહતીઓ ઉત્સાહપૂર્વક ગરબા રમી રહ્યા છે. નાના બાળકોથી લઈ વડીલો દ્વારા નવરાત્રી પર્વની આનંદ ઉલ્લાસથી ઉજવણી કરવામાં આવી રહી છે.

# કન્યા છાત્રાલયની સાંજની પ્રાર્થનાસભામાં ખોરાકમાં દૂધનુ મહત્વ અંગે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ચાલતાં શૈક્ષણિક સંકુલોમાં દિવસમાં ત્રણ પ્રાર્થના સવાર-બપોર-સાંજ નિત્યક્રમે ફરજીયાતપણે થાય છે. મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના કન્યા છાત્રાલયની સાંજની પ્રાર્થના ‘જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યાં સૂર્યાગ્નિ વા વાદલાં’ સમૂહમાં કર્યા બાદ સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલે છાત્રા નિવાસી સત્ર-૧ ની નવા પ્રવેશાર્થી વિદ્યાર્થિનીઓને ખોરાકમાં દૂધનું મહત્વ વિશે વાર્તાલાપ આપતાં જણાવ્યું કે દૂધ એટલે શું ? દૂધમાં રહેલાં ઘટ તત્વો, દૂધના પ્રકાર, આહાર તરીકે ગાયના દૂધનો જ ઉપયોગ કરવો જોઈએ, યુવાન છાત્રોએ દિવસમાં ૫૦૦ ગ્રામ દૂધ ખાવુ જોઈએ. આ ઉપરાંત કેટલીક છાત્રાઓ દૂધનો ઉપયોગ ખોરાકમાં કરતી નથી તેવી છાત્રાઓને દૂધ પ્રત્યેનો અણગમો દૂર કરવાનો પ્રયત્ન કરાયો. સત્ર-૫, અંગ્રેજી વિષયની મિલ્કા હેલીએ વક્તાનો પરિચય તેમજ આભારદર્શન કર્યુ હતુ.






જલારામ મહિલા મંડળ, સેકટર-૨૯ દ્વારા નવરાત્રિ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ગુજરાતમાં કુલ ૧૮ નવા કોરોનાના કેસ સામે આવ્યા

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં આજે ૧૮ નવા કોરોનાના કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૮૭૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. તો બીજી તરફ રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૮,૫૮,૦૨૯ રસીના ડોઝ અપાઈ ચુક્યા છે.

હાલ રાજ્યમાં કુલ ૧૮૩ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ વેન્ટીલેટર પર છે. ૧૭૮ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૫,૮૭૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. અત્યાર સુધીમાં ૧૦૦૮૬ નાગરિકોના કોરોનાને કારણે મોત થઈ ચુક્યા છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત થઈ ચુક્યું નથી. અમદાવાદ કોર્પોરેશનમાં ૬, સુરત કોર્પોરેશન ૪, વલસાડ ૪, સુરતર અને વડોદરા કોર્પોરેશનમાં ૨ કેસ નોંધાયા છે.

બીજી તરફ રસીકરણની વાત કરીએ તો રાજ્યમાં હેલ્થ કેર વર્કર અને ફ્ન્ટલાઈ વર્કર પૈકી ૪૦ ડોઝ અને ૧૧૩૭૪ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉમરના ૭૪૫૫૫ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૧૯૦૨૨૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨,૩૦,૪૬૪ અને ૩,૫૧,૩૬૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો છે. અત્યાર સુધીમાં કુલ ૬,૫૦,૨૬,૩૧૮ રસીના ડોઝ અપાઈ ચુક્યા છે.



મોટી આદરજ ખાતે શાહ પરિવાર દ્વારા નવરાત્રી પર્વનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આનંદનો ગરબો, સુંદરકાંડના પાઠ, યમુનાષ્ટક, સપ્તસતિ પાઠ, નવચંડી પાઠ તથા સત્યનારાયણ ભગવાનની કથાનુ આયોજન પણ આ અવસરે કરવામાં આવ્યુ હતુ.

# પાલનપુર ડેરી રોડ પર ગટર ઉભરાતા ગંદુ પાણી રોડ પર ફરી વળ્યુ

## શાળા બહાર ગંદુપાણી ઉભરાતા વિદ્યાર્થીઓ બિમારીમાં સપડાવાની ભિતી

પાલનપુર ડેરી રોડ પર આવેલ એક શાળા બહાર ગટરનું ગંદુ પાણી ઉભરાતા રોડ ઉપર ફરી વળ્યુ હતુ. જેના પગલે અવર જવર કરતા લોકો તેમજ વિદ્યાર્થીઓ બિમારીમાં સપડાવાની ભિતી સેવાઈ રહી છે.

ગાંધીનગર (જીયુડીસી) વિભાગ દ્વારા પાલનપુર શહેરમાં ગટર લાઈન નાખવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી લાંબા સમયથી ચાલી રહી છે. પરંતુ હજુસુધી પૂર્ણ કરી પાલિકા હસ્તક કરવામાં આવી નથી. જેથી જે જગ્યા પર લાઈનો નંખાઈ ગઈ હોય તેવા વિસ્તારોમાં મંજુરી વગર લાઈનો જોડી દેવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠી છે. જેના કારણે આગળ લાઈનની કામગીરી અધુરી હોવાના કારણે ચોકઅપ થઈ જાય છે. અને ત્યારબાદ ગટરો ઉભરાવવાની સમસ્યા સર્જાતી હોય છે.

તેજરીતે પાલનપુર ડેરી રોડ ઉપર આવેલી આદર્શ શાળાના પાછળના ગેટ બહારથી પસાર થતી ગટર લાઈન ઉભરાતા રોડ ઉપર દુર્ગંધ ફેલાઈ હતી. તેમજ રસ્તા ઉપરથી ચાલવુ પણ લોકોને મુશ્કેલ બન્યુ હતુ. તેમજ અત્યારે ડેન્ગ્યુ જેવા ભયાનક રોગોએ માથુ ઉચક્યુ છે. જેથી ગટરનું ગંદુ પાણી રોડ ઉપર ફરી વળતા રસ્તા પરથી ચાલતા તેમજ શાળાના વિદ્યાર્થીઓ બિમારીમાં સપડાવાની ભિતી સેવાઈ રીહી છે. જેથી આ બાબતે પાલિકા દ્વારા સ્થળ વિઝીટ કરવામાં આવે અને ગેરકાયદેસર કનેક્સન જોડનાર સામે પગલા ભરવામાં આવે તે જરૂરી છે.

### આ બાબતે પાલિકાને રજૂઆત કરાઈ છે

પાલનપુર ડેરી રોડ પર આવેલ શાળા બહાર ગટરનું પાણી અવાર-નવાર ઉભરાતા શાળા દ્વારા આ બાબતે પાલિકામાં જાણ કરવામાં આવી હોવાનું શાળાના સુત્રોએ જણાવ્યુ હતુ.

### ગેરકાયદેસર કનેક્સનો જોડી દેતા આ સમસ્યા સર્જાય છે

ગાંધીનગર જીયુડીસી દ્વારા શહેરમાં ગટરની લાઈન નાખવાની કામગીરી ૯૫ ટકા પૂર્ણ થઈ ગઈ છે.૫ ટકા જેટલી જોઈન્ટોની કામગીરી બાકી છે. જે ટુંક સમયમાં પુરી થશે. જીયુડીસી દ્વારા નાખવામાં આવેલી લાઈનોમાં મંજુરી વગર ગેરકાયદેસર કનેક્સનો જોડી દેતા ગટરો ઉભરાવવાની સમસ્યા સર્જાય છે. તેમછતાં જે વિસ્તારમાં ગટરો ઉભરાઈ છે. તે વિસ્તારમાં જીયુડીસી દ્વારા જેટીંગ મશીનથી સાફ કરવાની કામગીરી કરવામાં આવતી હોવાનું પાલિકાના સુત્રોએ જણાવ્યુ હતુ.

# સાબરકાંઠા-અરવલ્લીમાં લમણા શેકતી ગરમી બફારાથી પ્રજા ત્રાહીમામ

બાયડ, તા. ૧૦

ચોમાસા પછી કુદરત શિયાળાને બાયપાસ કર્યો હોય તે રીતે રવિવારે તાપમાનનો પારો ૩૩ ડીગ્રીને આંબતા લમણા શેકતી ગરમી-બફારાથી પ્રજા ત્રાહીમામ પોકારતી જોવા મળી. આગામી દિવસોમાં તાપમાનનો પારો ૩૬ ડિગ્રીને આંબી શકે છે. દેશમાં કોલસાની અછતથી વિજ સંકટ ઘેરાયુ છે ત્યારે તાપમાનનો ઉંચકાતો પારો સરકારની અગ્નિ પરીક્ષા લેતો હોય તેવું જણાઈ રહ્યુ છે.

ઓછા વરસાદથી ખેડૂતોમાં શિયાળુ-ઉનાળુ સિઝનની ખેતીને લઈને ચિંતા છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લીમાં દરરોજ ઉંચકાતો પારો ઓછા વરસાદથી કુપોષિત ખરીફ પાકને નુકસાન પહોંચાડશે કે ફાયદો તેનુ ગણિત મંડાઈ રહ્યું છે. ચોમાસાની વિદાય અકળાવનારી છે.

જિલ્લાના તળાવ-ચેકડેમ-જળાશયોમાં સરેરાશ ૫૫ થી ૬૦ ટકા પાણીનો જથ્થો છે. તેથી આગામી ૮ મહીનામાં પીવાના પાણી અને સિંચાઈનું જળસંકટ ઉભુ થયુ છે. ત્યારે પાછલા ૪ દિવસથી જે રીતે ગરમીનો પારો ઉંચકાય છે તે જોતાં પાણીનું બાષ્પીભવન વધશે અને આવી જ સ્થિતિ એકાદ પખવાડીયું ચાલુ રહે તો જળાશયો-તળાવોમાંથી ઝડપથી પાણી સુકાઈ શકે છે. હવામાન વિભાગનું માનીએ તો હવે વરસાદની સંભાવના નથી પરંતુ કુદરત મેઘરાજાની અપાર કૃપા વરસાવી સાંબેલાધારે ૨ થી ૬ ઈંચ વરસાદ વરસાવે તો ખેતી-પીવાના-સિંચાઈના પાણીનું જ સંકટ હળવુ થઈ શકે છે. અન્યથા વધતી ગરમી તંત્ર-સરકાર-પ્રજા-ખેડૂતોની મુશ્કેલી વધારી શકે છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**આશંકા...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓડિશામાં પણ કોલસાની અછત સર્જાઈ છે ઘણા બધા ઉદ્યોગોને પોતાની ચિંતા થઈ રહી છે ત્યારે રાજ્ય સરકાર પાસે મદદની માંગ કરવામાં આવી છે. યુસીસીઆઈએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને જાણ કરી છે કે ઉદ્યોગો પાસે પર્યાપ્ત કોલસો નથી.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીએ પણ કોલસાની કમીનો સામનો કરવામાં મદદ માટે પીએમ મોદીને અપીલ કરી છે. સાથે જ બૅક્રોને આદેશ આપવામાં આવ્યા છે કે વીજળી સપ્લાય કરતી કંપનીને મદદની જરૂર હોય ત્યારે લોન આપે.

રાજસ્થાનમાં ઘણા બધા પ્લાન્ટ્સમાં કોલસાની કમી સર્જાઈ છે ત્યારે સીએમ અશોક ગેહલોત પણ એક્શનમાં આવ્યા છે. અધિકારીઓને વીજળી બાધિત ન થાય તે માટેના આદેશ આપવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં કોલસાની અછત જોવા મળી રહી છે, અહેવાલ અનુસાર ઘણા બધા પ્લાન્ટ્સમાં પહેલા કરતાં ઓછી માત્રામાં કોલસો આપવામાં આવી રહ્યો છે.

**વેક્શિનેશન...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનના બન્ને ડોઝ લેનારની સંખ્યા ૪ લાખના આંકને પાર કરી ગઈ છે. જિલ્લામાં પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૮ લાખને પાર કરી ગઈ છે.

શહેરમાં આજે રજાનો માહોલ હોવાથી લોકોએ ઘરની બહાર નીકળવાનુ પસંદ કર્યુ ન હતુ.

શહેરમાં વેક્સિનના બન્ને ડોઝ લેનારની સંખ્યા ૧,૯૭,૭૬૬ થઈ છે જ્યારે પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૩,૫૬,૭૨૧ છે.

જિલ્લામાં વેક્સિનેશનનું આ બીજુ મહા અભિયાન યોજાયુ હતુ. પહેલાં ૧૭મી સપ્ટેમ્બરના રોજ આ મહા અભિયાન યોજાયુ હતુ. આજે બીજા મહા અભિયાનમાં ૨૩ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.